# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

ગવર્નમેન્ટ પોલીટેકનીક કોલેજ કેમ્પસ, બિલખા રોડ, ખડીયા

જુનાગઢ

ફો.(ઓ) : ૦૨૮૫–૨૯૦૪૦૦૩

Website : http://www.bknmu.edu.in

email. : registrar@bknmu.edu.in


**પરીપત્ર-**

વિષય: કોલેજ કક્ષાએ થેલેસેમિયા ટેસ્ટ ફરજીયાત કરવા બાબત.

સંદર્ભ : નં.ગ./EMRI/થેલેસેમિયા/ જાગૃતતા/૧૮

આથી યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા સંચાલકશ્રીઓ, માન્ય સંસ્થાના વડાશ્રીઓ, પી.જી.સેન્ટર્સ ના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે થેલેસેમિયા મેજર બાળકનો જન્મ અટકાવવા માટે જાગૃતતાની ખુબ જ આવશ્યકતા છે. થેલેસેમિયા મેજર બાળકનો જન્મ અટકાવવા માટે એ જરૂરી છે કે લગ્નવયે દરેક યુવક અને યુવતીની સગાઈ પહેલાં જ થેલેસેમિયા-પરીક્ષણ થાય. આ પરીક્ષણના પરિણામે જે યુવક કે યુવતી થેલેસેમિયા માઈનર છે તેની જાણ થાય ત્યારે ચિંતાનું કોઇ કારણ નથી, કેમ કે થેલેસેમિયા માઈનર એ કોઇ રોગ નથી. તે માત્ર તે વ્યકતિની તાસીર છે. પણ થેલેસેમિયા માઈનર વ્યક્તિના લગ્ન અન્ય થેલેસેમિયા માઈનર સાથે થાય, તો થેલેસેમિયા મેજર બાળકોનો જન્મ થાય.

ઉકત બાબતે ધ્યાને લઈ થેલેસેમિયા મેજર બાળકનું જન્મ અટકાવવા માટે ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઇ-બહેનોએ થેલેસેમિયા ટેસ્ટ કરાવવાનું રહેશે અને તેનો રીપોર્ટ અત્રેની યુનિવર્સિટી હાર્ડકોપીમાં એકેડમીક વર્ષ ૨૦૧૭-૧૮ પૂર્ણ થાય તે પહેલાં જમા કરાવવાનો રહેશે તેથી જે વિદ્યાર્થીઓના થેલેસેમિયા રીપોર્ટ બાકી હોય તેઓએ સેમ-૨ ના પરીક્ષા ફોર્મ સાથે જમા કરવવાનાં રહેશે, જેની સર્વોએ નોંધ લેવી.

(signature)

**પરીક્ષા નિયામક**

**જાહેર ક્રમાંક**: બીકેએનએમયુ/પરીક્ષા/૬૨૦૮/૨૦૧૮

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

ગવર્નમેન્ટ પોલીટેકનીક કોલેજ કેમ્પસ,

બિલખા રોડ, ખડીયા.

જુનાગઢ

તા.૨૫-૧-૨૦૧૮

પ્રતિ: યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા સંચાલકશ્રીઓ, માન્ય સંસ્થાના વડાશ્રીઓ, પી.જી.સેન્ટર્સ ના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ ને..

**નકલ સાદર રવાના:**

૧) માન. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ......

૨) કમિશ્નર,આરોગ્ય, તબીબી સેવઓ અને તબીબી શિક્ષણ બ્લોક નં-૫, ડો.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર.

૩) આઈટી સેલ – વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે.